અપીલ અરજી નં.૧૧ તા.૭–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતી રેખાબેન રમેશભાઈ વાઘ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી રેખાબેન રમેશભાઈ વાઘની તા.૨૦–૩–૧૧ની અરજીથી શિવાજીનગર ૨૮૭ ની સામે અપંગની કેબીન સામે લીંબાયતમાં ખુલ્લી જગ્યા આવેલી છે તે જગ્યાએ કંપાઉન્ડ કરવા. ધર નં.૧૧ બ્લોક નં.૧ ઉમરવાડા લોકાસ્ટ કોલોની રીંગરોડ સુરત આ મકાન માટે આપવામાં આવેલ સનદોની કોપી આપવા.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦૭–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૧ /૨૦૧૧–૧૨

શ્રીમતી રેખાબેન રમેશભાઈ વાઘની તા.૨૦–૩–૧૧ની અરજીથી શિવાજીનગર ૨૮૭ ની સામે અપંગની કેબીન સામે લીંબાયતમાં ખુલ્લી જગ્યા આવેલી છે તે જગ્યાએ કંપાઉન્ડ કરવા. ધર નં.૧૧ બ્લોક નં.૧ ઉમરવાડા લોકાસ્ટ કોલોની રીંગરોડ સુરત આ મકાન માટે આપવામાં આવેલ સનદોની કોપી આપવા બાબતેની અરજીઓનો નિકાલ થયેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૭–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮ તા.૧૫–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજી આપની ઘણીબધી પૈકી કઈ મુળ અરજીના અનુસંધાને અપીલ છે તે સ્પષ્ટ કરવા તથા તેની ફીની વિગત સાથે મળેલ પ્રત્યુત્તર કે નહીં મળેલ માહિતી અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ /૪૧૦ તા.૪–૫–૧૧ થી પૂરક વિગતોમાં તા.૨૦–૩–૧૦ મુળ અરજી તથા અરજદારે તા.૭–૪–૧૧ ના રોજ કરેલ અપીલ અરજી તથા અત્રેના પૂરક પત્રની નકલ મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો , ફી ભર્યાની વિગત મળેલી માહિતી તેમજ ઘણી બધી અરજીઓના સંદર્ભબ ાબતે કઈ અપીલ બાબતે અપીલ અરજી કરવામાં આવેલ તે અંગે સ્પષ્ટતા અંગે પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૦–૩–૧૧ ની અરજીથી શિવાજીનગર ૨૮૭ ની સામે અપંગની કેબીન સામે લીંબાયતમાં ખુલ્લી જગ્યા આવેલી છે તે જગ્યાએ કંપાઉન્ડ કરવા. ધર નં.૧૧ બ્લોક નં.૧ ઉમરવાડા લોકાસ્ટ કોલોની રીંગરોડ સુરત આ મકાન માટે આપવામાં આવેલ સનદોની કોપી આપવા બાબત. તથા લીંબાયતઝોન વિસ્તારના એસ.આઈ અને એસ.એસ .આઈ અને મુકાદમો કચરો બાળવામાં મદદ કરે છે કેમ? તથા સીકયુરીટી કૌભાંડ તેમજ ઉધનાઝોનના સીકયુરીટી કૌભાંડ ચાલતાં હોવાની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. પરંતુ અરજી ફોર્મની અંદર અરજદારે પૂરી પાડેલ નકલમાં ફી ની વિગત જણાવેલ નથી. તેવી અરજી સામે અરજદારે તા.૭–૪–૧૧ ના રોજ લીંબાય તઝોન તથા ઉધનાઝોનની અરજીઓનો નિકાલ કરવા સાથે માહિતીમાં મગોબ વોર્ડના દરેક સફાઈ કામદાર લીંબાયત વિસ્તારમાં સરદાર માર્કેટ તમામ વિસ્તારનો કચરો બાળે છે. તેવી માહિતી જણાવેલ છે. જયારે અન્ય માહિતીમાં દરેકઝોનના મટનોની દુકાનોની માહિતી આપો તથા લાયસન્સ વગર અને લાયસન્સ વાળી નામ સરનામા મોબાઈલ નંબર લાયસન્સ સહિત દેરક ઝોનના યાદી આપો તથા આરોગ્ય ખાતાના કર્મચારીના નામ અને હોદ્દો જણાવેલ તેવી માહિતીની વિગતો જણાવેલ છે જે અપીલ અરજી જુદી વિગતો દર્શાવે છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે તા.૨૦–૩–૧૧ ની અપીલના સંદર્ભની વિગતોના આધારે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૦ તા.૪–૫–૧૧ ની પૂરક વિગતોમાં રેખાબેન રમેશભાઈ વાઘની સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારને ઉદ્દેશીને તા.૨૦–૩–૧૧ ના રોજ કરવામાં આવેલ અરજી ફી રૂા.૨૦/– ભરપાઈ કર્યા વિનાની કે મુળ અરજી તબદીલ થયા વિનાની નમુના–ક ની ઝેરોક્ષ નકલ બીડાણ સહિત અપીલ તબકકે મળેલ છે. જેમાં સીધી અપીલ અરજીમાં જણાવેલ મુદ્દા પણ અપ્રસ્તુત નમુના–ક મુળ અરજીથી અલાયદા માલુમ પડેલ છે તેમજ બીડાણ કરેલ મુળ અરજી નમુના–ક ઝેરોક્ષ નકલ ના રૂા.૨૦/– ફી ભરપાઈ કરી આરટીઆઈ એકટ અંતર્ગત કોઈ અરજી તા.૨૦–૩–૧૧ ના રોજ મજકુર અરજદારે લીંબાયતઝોન ખાતે સીધી કરેલ કે અન્ય સેન્ટ્રલઝોન ખાતેથી અત્રે તબદીલ થયાની ઉપલબ્ધ દફતરી રેકર્ડ તપાસતાં લીંબાયતઝોનમાં ઈન્વર્ડ થયેલ હોવાનું જણાયેલ નથી. તેમ છતાં ઝોન વિભાગના ઝોનના લાગત વિભાગોને ફરીયાદોનો કરવાજોગ નિકાલસહ તાકીદ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે.

આમ અરજદારની તા.૨૦–૩–૧૧ ની મુળ અરજી અંગે અરજી ફી ભર્યાની વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી નહીં હોવાનું જણાવેલ છે. જયારે અરજદારે સદર અરજી બાબતે ફી ભર્યાની કોઈ વિગત જણાવેલ નથી. તેમજ અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ સેલ/૫૮ તા.૧૫–૪–૧૧ થી પાઠવેલ પત્ર બાદ પણ તે અંગે કોઈ વિગતો જણાવેલ નથી તેમજ રજૂ કરેલ અરજીઓમાં કઈ અરજી બાબતે અપીલ અરજી છે અને તેની નારાજગી અંગે પણ સ્પષ્ટતા કરેલ નથી. આમ અરજદારે મુળ અરજીની ફી ભરપાઈ ન કરેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ ની અરજી પણ બનતી નથી અને અપીલનું કોઈ કારણ પણ ઉત્પન થતું નથી તેમ છતાં અરજદારની અન્ય સાદી અરજી બાબતે પણ જાહેર માહિતી અધિકારીએ ઝોનમાં નિકાલ કરવાનું તાકીદ કરવાનું જણાવેલ છે. આથી સદર અરજી બાબતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે અરજદારે અરજી ફી ભરપાઈ કરેલ ન હોવાથી અપીલનું કોઈ કારણ ઉત્પન થતું નથી આથી અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર તેમની ફરીયાદો બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રીમતી રેખાબેન રમેશભાઈ વાઘ,